# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/266 Dt. 25/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા 'જીએસટી સમસ્યાઓ અને સમાધાન' પર માર્ગદર્શન સત્ર યોજાયું

## સુરત-બારડોલી ટિમ્બર મર્ચન્ટ એસોસિએશનના સહયોગથી યોજાયેલા આ સત્રમાં સીએ હાર્દિક શાહે માર્ગદર્શન આપ્યું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સુરત ટિમ્બર મર્ચન્ટ એસોસિએશન અને બારડોલી પ્રદેશ ટિમ્બર મર્ચન્ટ એસોસિએશનના સહયોગથી બુધવાર, તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે જીએસટી સમસ્યાઓ અને સમાધાન વિષય પર એક માર્ગદર્શન સત્રનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા તરીકે SGCCIના ગ્રુપ ચેરમેન અને જીએસટી નિષ્ણાત સીએ હાર્દિક શાહે ટિમ્બર વ્યવસાયને લાગુ પડતા જીએસટીના વિવિધ પાસાઓ પર માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સૌને ચેમ્બરના સભ્ય બનવા અને ચેમ્બરના વિદેશ પ્રવાસમાં જોડાવા માટે હાકલ કરી હતી.

સીએ શ્રી હાર્દિક શાહે કહ્યું કે, જીએસટી 2.0માં ઘણા સુધારા થયા છે. આઈટીસી માટે સપ્લાયરનાં રિટર્ન નિયમિત ચેક કરતા રહેવું હિતાવહ છે. ભારત સરકારના જીએસટીના બેઉ વિભાગો હવે એઆઈ ટૂલ્સનો ઉપયોગ કરે છે. જીએસટીઆર-1 ઈ વે બિલ્સ સાથે મેચ થવા જોઇએ. આ મિસમેચ પકડવા ખાસ ટૂલ્સ વિકસાવાયું છે. તેમણે

વેપારીઓને જીએસટી બાબતે નાની નાની ભૂલો કેવી રીતે ટાળવી ને શું કાળજી રાખવી એ સમજાવ્યું હતું, જેથી પેનલ્ટી-નોટિસથી બચી શકાય. રિફંડના દાવાઓ અંગે તેમણે સલાહ આપી હતી કે 60 દિવસનો વેઈટિંગ ગાળો હોય છે, ત્યારપછી રિફંડનો દાવો સ્વીકાર કે ફગાવ્યાનો નિર્ણય આપી દેવાનો હોય છે. ત્યારે તમારી પાસે અપીલનો વિકલ્પ રહે છે. તેમણે ટિમ્બરના વેપારીઓને પજવતા પ્રશ્નો સંદર્ભે પણ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સેક્શન 73, 74 ભેગી કરી નવી સેક્શન 76, રિફંડ, પ્રોડક્ટ ક્લાસિફિકેશન વગેરે મુદ્દે વિગતે છણાવટ કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેમ્બરની જીએસટી કમિટીના ચેરમેન સીએ મુકુંદ ચૌહાણે કર્યું હતું અને તેમણે પણ વેપારીઓને પજવતા પ્રશ્નો પર માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સુરત ટિમ્બર મર્ચન્ટ એસોસિએશનના સેક્રેટરી શ્રી કિશોર પટેલના સ્વાગત પ્રવચનથી થઈ હતી. ત્યારબાદ બારડોલી પ્રદેશ ટિમ્બર મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ શ્રી ગૌરંગ ધાનાણીએ કાર્યક્રમ વિશે વિગતવાર માહિતી આપી.

વિશેષ અતિથિ તરીકે ઓસ્ટ્રેલિયાથી પધારેલા ગુજરાત ટિમ્બર મર્ચન્ટ્સ ફેડરેશનના પૂર્વ ચીફ સેક્રેટરી શ્રી પ્રેમજી પટેલે પોતાના અનુભવો શેર કર્યા હતા. કાર્યક્રમમાં પ્રશ્નોત્તરી અને ઓપન ફોરમ સત્ર પણ રાખવામાં આવ્યું હતું, જેમાં હાજર વેપારીઓએ પોતાની જીએસટી સંબંધિત સમસ્યાઓ રજૂ કરી અને નિષ્ણાતો પાસેથી માર્ગદર્શન મેળવ્યું.

આ કાર્યક્રમમાં ટિમ્બર વ્યવસાય સાથે જોડાયેલા વેપારીઓ અને ઉદ્યોગપતિઓએ હાજરી આપી હતી.